**(૨૦)**

**પ્ર. ૧ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. વ્રતની અપેક્ષાએ મરણના કેટલા પ્રકાર છે? કયા કયા?

**જ. ત્રણ. બાલ મરણ, બાલ પંડિત મરણ, પંડિત મરણ.**

૨. કાલ પ્રતિલેખના એટલે શું?

**જ. પ્રતિલેખના એટલે જોવું. પ્રતિક્રમણ પછી આગમની મૂળ ગાથાઓનો સ્વાધ્યાય કરતા પહેલા આકાશ આદિ સંબંધી કોઇ અસજ્ઝાય નથી ને? એટલે કે આ કાળ સ્વાધ્યાય માટે યોગ્ય છે કે નહિ તે જોવું.**

૩. ખામણા એટલે શું? તે કોને કોને કરવાના હોય?

**જ. ક્ષમાપના. હૃદયને વિશુદ્ધ કરે તે,જિનાજ્ઞા વિપરીત થયેલ આચરણની અને અરિહંત આદિ પ્રત્યે થયેલ અવિનય, આશાતનાની આલોચના કરવી. તે અરિહંત, સિદ્ધ, કેવળી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વી, શ્રાવકને કરવાના છે.**

૪. પડિક્કમિઉં, પ્રાયશ્ચિત્ત, ધૂપ્પવિહિં, મણુવયાણં કયા પાઠમાં આવે છે? શુદ્ધ છે કે અશુદ્ધ?

**જ.**

| | | **શુદ્ધ** | **પાઠ** |
|---|---|---|---|
| પડિક્કમિઉં | **શુદ્ધ** | **–** | **સામાયિકના ત્રીજા પાઠમાં આલોચના સૂત્ર પહેલા શ્રમણસૂત્રમાં** |
| પ્રાયશ્ચિત્ત | **અશુદ્ધ** | **પાયચ્છિત્ત** | **સામાયિકના ચોથા પાઠમાં તસ્સ ઉત્તરી સૂત્ર પાંચમા આવશ્યકમાં** |
| ધૂપ્પવિહિં | **અશુદ્ધ** | **ધૂપવિહિં** | **સાતમા વ્રતમાં** |
| મણુવયાણં | **અશુદ્ધ** | **મણુવ્વયાણં** | **પ્રતિક્રમણના બીજા પાઠમાં** |

૫. ચિંતન કરવા માટે, મનોજ્ઞ, કપટથી કરેલી, અનાચારને વિષે – આ ચારના મૂળ પાઠ લખો.

**જ. ચિંતવનાર્થં, મણુન્નં, માયાએ, અણાયારે.**

**(ખ) માગ્યા પ્રમાણે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સામાયિકના લક્ષણો કેટલા છે? કયા કયા?

**જ. સામાયિકના લક્ષણોમાં સમતા જ મુખ્ય છે અને સમતા ભાવ એ આત્માના પરિણામરૂપ હોવાથી અન્ય લોકો જાણી શક્તા નથી, માટે આચાર્યોએ સામાયિકના ૪ લક્ષણો બતાવ્યા છે – ૧) સર્વ જીવો પ્રત્યે સમભાવ ૨) પાંચે ઈન્દ્રિયોનો સંયમ ૩) મૈત્રી આદિ ૪ ભાવના ૪) આર્ત્ત–રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાનનું ચિંતન કરવું.**

૨. સામાયિકના પ્રકાર કેટલા છે? કયા કયા? શ્રુત સામાયિક કોને કહે છે?

**જ. ત્રણ. ૧) સમ્યક્ત્વ સામાયિક, ૨) શ્રુત સમાયિક, ૩) ચારિત્ર સામાયિક. ચારિત્ર સામાયિકના બે ભેદ – (૧) આગાર સામાયિક–ગૃહસ્થોની સામાયિક્સ અને (૨) અણગાર સામાયિક–સાધુઓની સામાયિક. શ્રુત સામાયિક – કેવળી પ્રરૂપિત આગમોનું અધ્યયન કરવું, શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવું તે શ્રુત સામાયિક છે. આચરણની શુદ્ધિ માટે, ચારિત્રના પાલન માટે શ્રુતજ્ઞાન જરૂરી છે, સમભાવની સિદ્ધિમાં શ્રુતજ્ઞાન સાધનભૂત છે, તેથી શ્રુતને પણ સામાયિક કહે છે.**

૩. સામાયિકમાં છ આવશ્યકનો સમાવેશ કેવી રીતે થાય છે?

**જ. (૧) કરેમિ સામાઈયંમાં સામાયિક આવશ્યક (૨) ભંતેમાં ચતુર્વિંશતિ સ્તવ (૩) તસ્સ ભંતેમાં ગુરુવંદના (૪) પડિક્કમામિમાં પ્રતિક્રમણ (૫) અપ્પાણં વોસિરામિમાં કાયોત્સર્ગ (૬) સાવજ્જં જોગં પચ્ચક્ખામિમાં પ્રત્યાખ્યાન આવશ્યક.**

૪. વંદના અને ચઉવીસત્થોથી શું લાભ થાય છે?

**જ. વંદના કરવાથી સાધકના અહંભાવનો નાશ થાય છે, નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે, નીચગોત્ર કર્મ**

**નાશ પામે છે, ઊંચગોત્ર કર્મનો બંધ થાય છે, સૌભગ્ય અને આજ્ઞાફળની પ્રાપ્તિ થાય છે.**

**ચઉવીસત્થોથી એટલે કે ૨૪ તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી દર્શન વિશુદ્ધિ થાય છે, મિથ્યાત્વ મોહનીય કર્મનો નાશ થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય તે વિશુદ્ધ, નિર્મળ થાય છે.**

(૨૦)

**પ્ર. ૨ (ક) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આચાર કેટલા છે? કયા કયા? એમાંથી આચાર્યએ કેટલાનું પાલન કરવાનું છે?

**જ. પાંચ. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. આચાર્ય આ પાંચે આચારરૂપ ચારિત્રનું પાલન દઢતાથી કરતા હોય.**

૨. અર્થ લખો : પ્રયોગમતિ સંપદા, બીજ સૂક્ષ્મ, રૂચક પ્રદેશ, પ્રાગ્ભાર ગતિ.

**જ. પ્રયોગમતિ સંપદા : વાદ કૌશલ્ય. શાસ્ત્રાર્થના અનુકૂળ–પ્રતિકૂળ સમયના જાણકાર હોય.**
**બીજ સૂક્ષ્મ : રાજગરાના બીજ, ખસખસના દાણા વગેરે સૂક્ષ્મ બીજ.**
**રૂચક પ્રદેશ : દ્રવ્યોના મધ્યભાગના આઠ પ્રદેશને રૂચક પ્રદેશ કહે છે.**
**પ્રાગ્ભાર ગતિ : નૌકામાં ભરેલા ભારથી નીચેની તરફ ગતિ થાય તેમ બીજા દ્રવ્યના ભારથી જે ગતિ થાય.**

૩. સાધકે નિરોગી રહેવા શું કરવું જોઈએ?

**જ. આહાર, પાણીમાં નિયમિતતા અને સંયમ રાખવો. બેસવાની, સૂવાની, ચાલવાની આદિ શારીરિક પ્રવૃત્તિ વિવેકપૂર્વક કરવી, મળ–મૂત્ર આદિ કુદરતી હાજતોને રોકવી નહીં, પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી કોઇપણ વિષયમાં અંધ થવું નહીં.**

૪. વિગય કેટલા છે? કયા કયા?

**જ. નવ. દૂધ, દહીં, નવનીત, ઘી, તેલ, ગોળ, મધ, મદ્ય, માંસ.**

૫. મહાવીર સ્વામીના તીર્થમાં કેટલી સ્ત્રીઓએ તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો?તે આવતી ચોવીસીમાં કેટલામાં અને કયા તીર્થંકર થશે?

**જ. બે. સુલસા – દઢ શ્રદ્ધાશીલ સુલસા આગામી ચોવીસીમાં નિર્મમ નામના સોળમા તીર્થંકર થશે.**
**રેવતી – રેવતી શ્રાવિકા આગામી ચોવીસીમાં ચિત્રગુપ્ત નામના સત્તરમા તીર્થંકર થશે.**

**(ખ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સુશીલ કોને કહેવાય? કુશીલતાનું પરિણામ શું છે?

**જ. જેનો શીલ, આચાર, વિચાર પ્રશંસનીય, અનુમોદનીય, અહિંસા, સંયમ અને તપને અનુરૂપ છે તે સુશીલ**
**કુશીલતાના પરિણામ – દુષ્કર્મનો બંધ થાય, ભવભ્રમણ વધારે, જન્મ–જરા–મૃત્યુના અનંત દુઃખોને ભોગવે અજ્ઞાનતાનું પોષણ કરીને ભ્રાંતિથી ભવિષ્યને અંધકારમય બનાવે છે.**

૨. વીર્યના કેટલા ભેદ અને કયા કયા?

**જ. પાંચ. મનોવીર્ય, વચનવીર્ય, કાયવીર્ય, ઈન્દ્રિયવીર્ય, આધ્યાત્મિક વીર્ય.**

૩. કેટલા કારણે જીવો દુઃખ ભોગવી રહ્યા છે? બીજું કારણ લખો.

**જ. ચાર કારણે. વિષયજન્ય સુખ કે ભોગ અન્ય જીવોની હિંસા વિના મળતું નથી. હિંસા અને ભોગ એક સિક્કાની બે બાજુ છે. પરિણામે ભોગની ઈચ્છા રાખનાર સંસારીઓ દુઃખથી મુક્ત થઈ શકતા નથી.**

૪. સાધુ કઈ ભાષા બોલે?

**જ. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા ભાષાસમિતિપૂર્વક હિત–મિત અને પરિમિત ભાષાનો પ્રયોગ કરે. સાધુ હંમેશાં સત્ય અને વ્યવહાર ભાષા બોલે. ગમે તે પરિસ્થિતિમાં અસત્ય કે મિશ્ર ભાષા ન બોલે.**

(૨૦)

**પ્ર. ૩ (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઉપાસક દશાંગ શું છે? એમાં કોની ચર્ચા છે?

**જ. સાતમું અંગસૂત્ર છે. આ એક માત્ર એવું સૂત્ર છે જેમાં સંપૂર્ણ રીતે શ્રમણોપાસક અથવા શ્રાવક જીવનની**

**ચર્ચા છે.ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન આનંદ, કામદેવ, ચુલણીપિતા આદિ ૧૦ મુખ્ય શ્રાવકોના જીવનનું તાદશ ચિત્ર આપેલું છે.**

૨. શ્રમણોપાસક કોને કહેવાય?

**જ. શ્રમણ+ઉપાસક. ઉપ=પાસે. નજીક રહીને ઉપાસના કરનારા અર્થાત્ જે શ્રમણોના સાંનિધ્યમાં રહીને તેમની પર્યુપાસના કરે. તેઓ શ્રમણ પાસેથી સદ્જ્ઞાન તથા વ્રત ધારણ કરે છે. તેમના મહાવ્રત જીવનથી પ્રેરિત થઈને ઉપાસનાના માર્ગે આરુઢ થાય છે તેને શ્રમણોપાસક કહેવાય છે.**

૩. અવધિજ્ઞાન કોને થયું હતું? તેમના અવધિજ્ઞાનનો વિષય શું હતો?

**જ. આનંદ અને મહાશતક શ્રાવકને. આનંદ શ્રાવક – ઉર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી, અધોદિશામાં પ્રથમ નરકના લોલુપ નામના નરકાવાસ સુધી. ઉત્તર દિશામાં હિમવાન પર્વત સુધી અને શેષ ત્રણ દિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦–૫૦૦ યોજન સુધી જાણતા હતા.**

**મહાશતક શ્રાવક – ઉર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી, અધો દિશામાં પ્રથમ નરકના લોલુપ નામના નરકાવાસ સુધી. ઉત્તર દિશામાં હિમવાન પર્વત સુધી અને શેષ ત્રણ દિશામાં લવણ સમુદ્રમાં ૧૦૦૦ યોજન સુધી જાણતા હતા.**

૪. સુરાદેવ અને સકડાલ પુત્રની સંપત્તિ કેટલી હતી? જેમને ઉપસર્ગ નહોતા આવ્યા તેઓ કયા ગામના હતા? જેઓ દેવકૃત ઉપસર્ગથી ચલિત થયા તેમનું ગોધન કેટલું હતું?

**જ. સુરાદેવ – ૧૮ ક્રોડ સુવર્ણમુદ્રા, સકડાલ પુત્ર – ૩ ક્રોડ સુવર્ણમુદ્રા. આનંદ શ્રાવક–વાણિજ્ય, નંદિનીપિયા સાલિહીપિયા – શ્રાવસ્તી નગરી. ચુલનીપિતા – ૮ ગોકુળ, સુરાદેવ અને ચુલ્લશતક – ૬ ગોકુળ, સુરાદેવ ૧ ગોકુળ.**

**(ખ) વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત કયો છે? તેનું કયા આગમમાં ઉદાહરણ સહિત પ્રતિપાદન થયું છે? એમાં કેટલા સ્કંધ અને અધ્યયન છે? શા માટે?

**જ. કર્મસિદ્ધાંત. વિપાક સૂત્રમાં. બે સ્કંધ, બંનેમાં ૧૦ – ૧૦ અધ્યયન. જીવના શુભ અને અશુભ કર્મોને કારણે બે વિભાગમાં વિભક્ત કરેલ છે. જે દુઃખવિપાક અને સુખવિપાક તરીકે ઓળખાય છે.**

૨. દિવ્ય કેટલા છે? કયા કયા? તે ક્યારે પ્રગટ થાય છે?

**જ. પાંચ. સુવર્ણવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, ધ્વજા, દેવદુંદુભિ, અહોદાનં – મહાદાનની આકાશમાં દિવ્યવાણી. જ્યારે કોઇ શુદ્ધ દ્રવ્ય દાનમાં આપે છે અને લેનાર પણ શુદ્ધ હોય ત્યારે આ પાંચ દિવ્ય પ્રગટ થાય છે.**

૩. સુબાહુ કુમારને સમ્યક્દર્શનની પ્રાપ્તિ ક્યારે અને શા માટે થઈ?

**જ. સુબાહુ કુમારે પૂર્વે સુમુખ ગાથાપતિના ભવમાં સુદત્ત અણગાર જ્યારે એમના ઘરે પધાર્યા ત્યારે અત્યંત પ્રસન્નતાપૂર્વક એમનો સત્કાર કરીને એમને પોતાના રસોઇગૃહમા લઈ ગયા. ત્યાં તેઓએ મહાતપસ્વી સુદત્ત અણગારને મન–વચન–કાયાથી ત્રિકરણ શુદ્ધિથી સ્વાભવિક ઉદારતા, સરળતા અને નિર્દોષતાથી આહારદાન કર્યું માટે તેમને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ ગઈ.**

૪. સુબાહુ કુમારના મનમાં શું સંકલ્પ ઉઠયો?

**જ. તે ક્ષેત્ર ધન્ય છે જ્યાં ભગવાન વિચરી રહ્યા છે, તે ભવ્ય જીવો ધન્ય છે કે જે ભગવાનની પાસે સંયમ અથવા શ્રાવકવ્રત સ્વીકાર કરી રહ્યા છે. તે રાજા, ઈશ્વર આદિ પણ ધન્ય છે કે જેઓ પ્રભુ મહાવીરની ધર્મદેશના સાંભળે છે. જો પ્રભુ મહાવીર સ્વામી અનુક્રમે વિચરતા વિચરતા અહીં પધારે તો હું અવશ્ય સંયમ ગ્રહણ કરીશ.**

૫. સુજાત કુમાર અને સુવાસવ કુમાર કઈ નગરીના હતા? ભદ્રનંદી કુમાર અને ધનપતિ કુમારના માતા–પિતા નું નામ શું હતું?

**જ. સુજાત કુમાર – વીરપુર અને સુવાસવ કુમાર – વિજયપુર. ભદ્રનંદી કુમારના માતાનું નામ – સરસ્વતી દેવી, પિતાનું નામ – ધનાવહ રાજા. ધનપતિ કુમારના માતાનું નામ – શ્રીદેવી, પિતાનું નામ – વૈશ્રમણ રાજા.**

**ભદ્રનંદી કુમારના માતાનું નામ – તપ્રવતી રાણી, પિતાનું નામ – અર્જુન રાજા.**

**(૨૦)**

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૪)**

૧. સોરિયં ...... **પાના નં. ૪૭ ગાથા – ૧**
૨. અહાહ ...... **પાના નં. ૪૮ ગાથા – ૮**
૩. ગિરિં ...... **પાના નં. ૫૨ ગાથા – ૩૩**
૪. એવં ...... **પાના નં. ૫૫ ગાથા – ૫૧**

**(બ) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો.** **(૪)**

૧. તસ્સ ભજ્જા સિવા નામ, તીસે પુત્તો મહાયસો । ભગવં અરિટ્ઠનેમિ ત્તિ, લોગનાહે દમીસરે ।।
**જ. પાના નં. ૪૭ ગાથા – ૪ નો માત્ર ભાવાર્થ.**

૨. નાણેણં, દંસણેણં ચ, ચરિત્તેણ તહેવ ય । ખન્તીએ મુત્તીએ, વડ્ઢમાણો ભવાહિ ય ।।
**જ. પાના નં. ૫૧ ગાથા – ૨૬ નો માત્ર ભાવાર્થ.**

૩. ઉગ્ગં તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી, સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા અણુત્તરં ।।
**જ. પાના નં. ૫૫ ગાથા – ૫૦ નો માત્ર ભાવાર્થ.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ એક જ શબ્દમાં લખો.** **(૧૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. બાવીસમા તીર્થંકરનું નામ? | **અરિષ્ટનેમિ** |
| ૨. બાવીસમા તીર્થંકરની માતાનું નામ? | **શિવાદેવી** |
| ૩. બાવીસમા તીર્થંકરનો વર્ણ? | **શ્યામ** |
| ૪. બાવીસમા તીર્થંકરનું ગોત્ર? | **ગૌતમ** |
| ૫. બાવીસમા તીર્થંકરના પિતાનું નામ? | **સમુદ્રવિજય રાજા** |
| ૬. બાવીસમા તીર્થંકરના લક્ષણ? | **૧૦૦૮** |
| ૭. શ્રી કૃષ્ણ સાથેનો સંબંધ? | **પિત્રાઈ ભાઈ** |
| ૮. રાજેમતીના પિતાનું નામ? | **ભોગરાજ ઉગ્રસેન** |
| ૯. કયા પર્વતની ગુફામાં રોકાયા? | **રૈવતક પર્વત** |
| ૧૦. ત્યાં કોણ હતું? | **રથનેમિ** |
| ૧૧. કયો સાપ અગ્નિમાં પડવું પસંદ કરે છે? | **અગંધન કુળ** |
| ૧૨. કયો જન્મ મળવો દુર્લભ છે? | **મનુષ્ય જન્મ** |

**(૨૦)**

**પ્ર. ૫ (ક) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.** **(૧૦)**

૧. ભવિય દ્રવ્યદેવ કોને કહેવાય?
**જ. ભવિષ્યકાળમાં જે દેવપર્યાયને પ્રાપ્ત કરવાના છે પરંતુ વર્તમાનમાં દેવના ગુણોથી શૂન્ય હોય તે. આ ભવ પૂર્ણ કરીને જે દેવગતિમાં ઉત્પન્ન થવાના છે તેવા સંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય.**

૨. કાલ નિધિ અને મહાકાલ નિધિમાં શું હોય?
**જ. કાલ નિધિ – અષ્ટાંગ નિમિત્તના ઈતિહાસ તથા કુંભકારના શિલ્પ શાસ્ત્રની જાણકારી.**
**મહાકાલ નિધિ – બધી જાતના ધાતુના વાસણો તથા રોકડ ધન.**

૩. દેવાધિદેવના ૯ થી ૧૨ ગુણો લખો.
**જ. ૯–અનંત જ્ઞાન અતિશય, ૧૦–અનંત અર્ચા પૂજા અતિશય, ૧૧–અનંત વચન અતિશય, ૧૨–અનંત અપાયાગમ અતિશય તે સર્વ દોષરહિતપણું.**

૪. જુગલિયા મરીને કેટલા અને કયા કયા પ્રકારના દેવ થઈ શકે? તે દેવની વ્યાખ્યા લખો.
**જ. જુગલિયા મરીને એક ભાવ દેવ. વર્તમાને જે દેવગતિ આદિ નામ કર્મનો અનુભવ કરી રહ્યા છે. ચારે જાતિના**

**દેવલોકની દિવ્યતાને અનુભવે છે.**

પ. પાણી અને પરમાધામીના નીકળ્યા કેટલા પ્રકારના દેવ થઈ શકે? નરદેવ અને ધર્મદેવની સંચિઠણા લખો. દેવાધિદેવ અને સર્વાર્થસિદ્ધના ભાવદેવનું આંતરું લખો.

**જ. પાણીના અને પરમાધામીના ભવિય દ્રવ્યદેવ અને ધર્મદેવ થઈ શકે. નરદેવની સંચિઠણા – જ. ૭૦૦ વર્ષ, ઉ. ૮૪ લાખ પૂર્વની. ધર્મદેવની પરિણામ આશ્રી જ. ૧ સમય પ્રવર્તન આશ્રી અંત. ઉ. દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષની. દેવાધિદેવ અને ભાવદેવનું આંતરું ન હો**

**પ્ર. ૪ (ખ) નીચેના જીવોની માર્ગણા લખો. (૧૦)**

**જવાબ**

૧. એકાંત નપુંસકવેદમાં – **૧૫૩ – ૧૪ ભેદ નારકીના, ૩૮ તિર્યંચના (૧૦ સંજ્ઞીના વર્જી.), ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા.**

૨. નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિ બાદરમાં – **૧૫૮ – સાતમી નરકનો અપર્યાપ્તો, ૨૦ તિર્યંચના (૧૦ સૂક્ષ્મ એકે., પર્યાપ્તા, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યા. વર્જીને), ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષીક ૧૮ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૩૬.**

૩. સ્ત્રીવેદ અવધિદર્શનમાં – **૧૬૩ – ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૩૦, ૬૪ જાતિની દેવીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૨૮.**

૪. એકાંત મિથ્યાત્વી તિર્યંચમાં – **૩૦ – ૨૨ એકેન્દ્રિય, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યાપ્તા.**

૫. ઊર્ધ્વલોક પ્રત્યેક શરીરીમાં – **૧૧૮ – ૪૨ તિર્યંચના (૪૮ માંથી ૪ સાધારણ અને ૨ બાદર તેઉકાય એ છ વર્જી), ૭૬ વૈમાનિકના.**

૬. અધોલોક અવધિદર્શનમાં – **૭૧ – ૧૪ ભેદ નારકીના, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યા., ૨ સંજ્ઞી મનુ.ના અપર્યાપ્તા–પર્યાપ્તા, ૫૦ દેવના ૧૦ ભવપતિ–૧૫ પરમાધામી એ ૨૫ ના અપર્યાપ્તા–પર્યાપ્તા એ ૫૦.**

૭. કૃષ્ણલેશી સમ્યગ્દષ્ટિમાં – **૧૮૫ – ૫ નરકના ૫,૬ નરકના અપર્યા.–૫,૬,૭ નરકના પર્યાપ્તા, ૧૮ તિર્યંચના ૩ વિક્લે., ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યા., ૫ સંજ્ઞી તિર્યંચ પંચે. ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૮, ૯૦ મનુ.ના ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ એ ૪૫ ના અપર્યા.–પર્યા., ૭૨ દેવના ૧૦ ભવપતિ–૧૬ વાણવ્યંતરના ના અપર્યા.–પર્યા.**

૮. એકાંત મિથ્યાત્વી અભાષકમાં – **૧૯૮ – ૧ સાતમી નરકનો અપર્યા., ૨૨ એકેન્દ્રિયના, ૧૫૭ મનુષ્યના ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા–૫૬ અંતરદ્વીપના મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષીક ૧૮ ના અપર્યાપ્તા.**

૯. વચનયોગી ત્રણ શરીરીમાં – **૨૦૦ – ૭ નરકના પર્યાપ્તા, ૮ તિર્યંચના ૩ વિક્લેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા, ૮૬ જુગલિયાના પર્યાપ્તા, ૯૯ દેવના પર્યાપ્તા.**

૧૦. તિર્છાલોક પર્યાપ્ત પ્રત્યેક શરીરમાં – **૧૫૯ – ૨૨ તિર્યંચના ૨૪ પર્યાપ્તામાંથી સાધારણ અને સૂક્ષ્મના પર્યાપ્તા એ વર્જીને, ૧૦૧ સંજ્ઞી મનુ.ના પર્યાપ્તા, ૩૬ દેવના ૨૬ વાણવ્યંતર અને ૧૦ જ્યોતિષી ૩૬ ના પર્યાપ્તા.**

**જય જિનેન્દ્ર**